# શાળા શિક્ષણ ક્ષેત્રે સરકારે કરેલ સુધારાના કારણો અને તારણો

હમણાં આ માસમાં જ તા..૦૪-૦૨-૨૦૨૦ના રોજ સરકારે શિક્ષણ વિષયક એક ઠરાવ બહાર પાડ્યો છે. જેમાં સરકારનું દ્રઢ પણે માનવું છે કે, આ ઠરાવનો અમલ થવાથી શિક્ષણની ગુણવત્તામાં વધારો થશે. જેમાં અધ્યયન નિષ્પત્તિ અને બાળકોમાં ઉચ્ચ તર્ક શક્તિનો વિકાસ થાય તેને પ્રાધાન્ય આપવામાં આવેલ છે. ઠરાવમાં જે મહત્વની બાબતો છે તેમાં પ્રથમ તો શૈક્ષણિક નવું સત્ર એપ્રિલ માસના પ્રથમ સપ્તાહના અંતે પૂર્ણ થતી પરીક્ષા પછી તરત જ શરુ કરવામાં આવશે અને બીજી બાબત ક્યુ.આર. કોડ સાથેના પાઠ્યપુસ્તકો તે સમયે બાળકો સુધી પહોંચી જશે.

ઉપરોક્ત બંને બાબતો સરકારે કેમ કરવી પડી તે પાછળના કારણો જાણીએ. નવું સત્ર શરુ કરવા પાછળનો સરકારનો તર્ક એ છે કે, અત્યારે શાળાઓની વાર્ષિક પરીક્ષા માર્ચના અંતિમ સપ્તાહમાં કે એપ્રિલના પ્રથમ સપ્તાહમાં પૂર્ણ થાય છે, ત્યારબાદ વેકેશન મે માસના પ્રથમ સપ્તાહમાં પડે છે. આમ વાર્ષિક પરીક્ષા પછી શાળાઓ એક માસ સુધી ચાલુ હોય છે, પણ વિદ્યાર્થીઓ શાળામાં આવતા નહિ હોવાથી શૈક્ષણિક કાર્ય થતું નથી. જેથી વાર્ષિક પરીક્ષા પછીના આ એક માસ જેટલાં સમયનો પૂરેપૂરો ઉપયોગ થાય તે માટે નવું શૈક્ષણિક સત્ર સી.બી.એસ.ઈ.. ની જેમ શરુ કરવું. જેથી શાળાઓ માટે નક્કી કરેલ કાર્ય દિવસ મુજબ પૂરતું કાર્ય થાય. તેમાં આ નિર્ણય હમણા જ આવેલો હોવાથી આ વર્ષ પુરતું નવું શૈક્ષણિક વર્ષ ૨૦ એપ્રિલથી શરુ કરવું અને વેકેશન ૭ જુનથી આપવું. પરંતુ આવતા વર્ષથી એપ્રિલના પ્રથમ સપ્તાહના અંતથી જ નવું શૈક્ષણિક વર્ષ શરુ કરવાનું રહેશે. આમ કરવા પાછળનો બીજો હેતુ એ પણ છે કે, વેકેશન પહેલા જ પાઠ્યપુસ્તકો બાળકોના હાથમાં આવી જાય તો વેકેશન દરમિયાન પણ બાળક ઈચ્છે તો જાત મહેનતે થોડું શીખે.

ઉપરોક્ત બાબત પાછળનો હેતુ ખરેખર ખૂબ જ સારો છે. એ બાબત સાથે સૌ સહમત થાય જ. શૈક્ષણિક ગુણવત્તા વધવી જ જોઈએ અને નક્કી કરેલ કાર્ય દિવસ મુજબ કામ થવું જ જોઈએ. આ સંદર્ભે સરકારે કરેલ વિચારણા માટે અભિનંદન આપવા જોઈએ. પણ આ બાબતે સરકારનું ધ્યાન પણ દોરવું જોઈએ કે, જો કાર્ય દિવસ પૂર્ણ કરવા માટે જ આ નિર્ણય લીધો હોય તો આ માટે વેકેશન પહેલા નવું સત્ર શરુ કરવાના બદલે, માર્ચ કે એપ્રિલમાં લેવાતી વાર્ષિક પરીક્ષાઓ એક મહિનો પાછળ લઇ જવી જોઈએ. વાત રહી આવતા વર્ષથી દર વર્ષે નવું સત્ર એપ્રિલમાં જ શરુ કરવામાં આવશે. તો તેનાથી દર વર્ષે મળતા કુલ દિવસોમાં કોઈ ફેર પડવાનો નથી. હકીકતમાં આપણે ત્યાં સેમેસ્ટર સિસ્ટમ દાખલ કરી, પણ તેની સંકલ્પના સમજ્યા નથી અને તે પ્રમાણેનું આયોજન થયું નથી. માટે આવી સમસ્યાઓ ઊભી થાય છે. આપણે તો દિવાળી પહેલા પહેલું સત્ર અને દિવાળી પછી બીજું સત્ર ! આવું નાં હોય. પણ ચાલે જ છે ! હકીકતમાં વર્ષના કુલ કાર્ય દિવસ નક્કી કરો. તે માટે ૨૦૦ કે ૨૨૦ કે ૨૪૦ શા માટે? વર્ષના ૩૬૫ દિવસમાંથી વેકેશન અને જાહેર રાજાના દિવસો બાદ કરો. વધે તે બે સત્રના કુલ દિવસ. જે ઉપરોક્ત દિવસો કરતા વધુ જ થશે. હવે અભ્યાસક્રમને ધ્યાને લઈને બંને સત્રના દિવસો નક્કી કરો. એવું જરૂરી નથી કે બંને સત્રના દિવસો સમાન જ હોવા જોઈએ કે ના હોવા જોઈએ. અભ્યાસક્રમને ઓછા કે વધુ દિવસની જરૂર હોય તે પ્રમાણે સત્રના દિવસો નક્કી કરો. ધારો કે પ્રથમ સત્રના ૧૨૫ દિવસ થાય છે. તો તેનો છેલ્લો દિવસ જયારે આવે ત્યારે જ એ સત્ર પૂરું અને બીજા દિવસથી નવું સત્ર શરૂ. પછી બીજું સત્ર દિવાળી પહેલા શરુ થાય કે દિવાળી પછી એને પ્રાધાન્ય ના અપાય. તહેવાર કે વેકેશન કે જાહેર રજાને સહેજ પણ ખલેલ પહોંચાડ્યા વગર (હા, નવરાત્રી વેકેશન રદ કરાય) એક વર્ષમાં દરેક સત્રના નક્કી કરેલા દિવસો પૂર્ણ થાય તેને પ્રાધાન્ય આપવું જોઈએ. હા, અહી વાચકોનું એક બાબતે ધ્યાન દોરવું જોઈએ આપણે ત્યાં દિવાળી પહેલા દર એકાંતર વર્ષે અધિક માસ આવે છે. એટલે દરેક વર્ષે દિવાળી વેકેશન પૂર્વેના સત્રના દિવસો સમાન રાખવા શક્ય નથી. માટે જ અંગ્રેજી માસના

દિવસોને ધ્યાનમાં રાખી ૧૫ જૂનથી ૫ મે સુધીના કુલ કાર્ય દિવસોને યોગ્ય રીતે બે ભાગમાં વહેંચી સત્ર બનાવવામાં આવે. કોઈ રજા કે તહેવારને ખલેલ પહોંચાડ્યા વિના આ કામ સરળતાથી થઇ શકે. સી.બી.એસ.ઈ. ના પગલે બધી બાબતમાં ચાલવાની જરૂર નથી. કારણ કે, એ બોર્ડને તમામ નિર્ણયો આખા દેશને ધ્યાનમાં રાખીને લેવા પડે છે. જ્યાં સિક્કિમમાં વધુ ઠંડી તો મેઘાલયમાં વધુ વરસાદ. ત્યાં પણ વેકેશન આપણે હોય ત્યારે નથી હોતા. આપણે આપણા રાજ્યને ધ્યાનમાં રાખીને જ નિર્ણય લેવા જોઈએ. સરકાર આ અંગે હજુ વધુ વિચારી શકે. બાકી તેમણે શૈક્ષણિક કાર્ય દિવસો પૂર્ણ કરવા માટે કે શૈક્ષણિક ગુણવત્તા વધારવા માટે જે ચિંતન કર્યું , જે પ્રયત્ન કર્યા તે બાબતે અભિનંદન. બીજી એવી દલીલ છે કે, વેકેશનમાં બાળક ઈચ્છે તો જાત મહેનતે થોડું વાંચી શકે. તો, સરકારને વિનંતી કરીએ કે, મહેરબાની કરી આવું ના વિચારો. બિચારા બાળકોને માંડ રમવાનો અને સામાજિક બનવાનો સમય વેકેશનમાં જ મળે છે. બાકી માં-બાપ બાળકને બળદની જેમ અભ્યાસમાં જોતારેલો જ રાખે છે. તેને મળતી આઝાદી છીનવી ના લો. અહી સરકારે એક બબ્બ્તનું એ પણ ધય્ન રાખવું પડશે કે, ધો.૧૦-૧૨ની પરીક્ષા પછી પેપર તપાસવાનો અને સમયસર પરિણામ આપવા માટે આ દિવસો જ અગત્યના છે. તે માટેનું શું? બીજી એક બાબતે ધ્યાન દોરવાનું કે, સરકારના દરેક વિભાગના અને સી.બી.એસ.ઈ.ના કર્મચારીઓના કામના કલાકો એક અઠવાડીયાના ૪૫ હોય છે. આરટીઈ માં પણ શિક્ષકોના કામના કલાકો ૪૫ દર્શાવ્યા છે. તો ગુજરાતમાં શિક્ષકોને એનાથી ઓછા કેમ? તે અંગેનું આયોજન અને અમલ કરો. તેનાથી પણ શૈક્ષણિક ગુણવત્તામાં વધારો થશે. અથવા શિક્ષકોને જણાવો કે, તમને શિક્ષણ સિવાયનું વધારાનું કામ જે સોંપવામાં આવે છે તેમાં આ કલાકોનો સમાવેશ ગણી લો અને ફરિયાદો ના કરો.

નવાસત્રથી ધો.૩ થી ધો.૮ના તમામ પાઠ્યપુસ્તકોમાં ક્યુ.આર. કોડ મૂકેલા હશે. ( ક્યુ.આર. કોડ એટલે ક્વિક રિસ્પોસ-ઝડપી પ્રતિક્રિયા મેળવવા માટેનું એવું ચિત્ર છે કે તમે તમારા સ્માર્ટ ફોનથી તે ચિત્રને સ્કેન કરો એટલે જે તે વિષયને લગતી માહતી, ચિત્ર, ઓડિયો કે વિડિયોની લીંક ખૂલી જાય.). જે બાબત ધન્યવાદને પાત્ર છે. વિદ્યાર્થીઓને સમજવામાં અને સમજાવવામાં ટેકનોલોજીનો આ ઉપયોગ ખૂબ જ ઉપકારક બનશે. વાચકોને વધુ સમજ મળે એ માટે એક ઉદાહરણ. જેમકે, ધારોકે, જ્વાળામુખીનું પ્રકરણ છે. તો આ પ્રકરણમાં આવતા મુદ્દાઓ જેવાકે, જ્વાળામુખીના પ્રકારો, જ્વાળામુખી કેવી રીતે ફાટે, ફાટ્યા પછીની અસરો વગેરે માહિતીની સાથે જ એક કયું.આર. કોડ આપેલો હશે. જે વિદ્યાર્થી કે વાલી મોબાઈલથી સ્કેન કરશે એટલે ઉપરોક્ત બાબતની સમજ માટે ચિત્રો કે વિડિયો ઓપન થશે. એ પણ ગુજરાતી ભાષામાં જ !. ખરેખર ખૂબ સારી બાબત છે. આમછતાં સરકારનું એક બાબતે ધ્યાન દોરવું છે, કે સરકાર અને પાઠ્યપુસ્તક મંડળ ધારે તો હજુ વધુ સારું કરી શકે એમ છે. આ જ સમાચાર પત્રમાં, આ જ પેજ પર, આ જ લેખકે આજથી દસેક વર્ષ પહેલાં કોલમ લખેલી કે, ૨૧મી સદીનું પાઠ્યપુસ્તક કેવું હશે? સરકાર કરતાં આ સંદેશ સમાચાર પત્ર આ બાબતે કેટલું આગળ છે !. સંદેશ સમાચારપત્રે જે કલ્પના કરીને ધ્યાન દોર્યું હતું તે સરકારે કર્યું હોત તો ઘણાં સમય પહેલા બાળકો પાસે ડિજીટલ પાઠ્યપુસ્તક હોત. સરકાર કે પાઠ્યપુસ્તક મંડળ હવે શરુ કરે છે. અને એ તો માત્ર ૧૦ ટકા જ કર્યું કહેવાય.. ૯૦ ટકા બાકી છે. જે થાય એવું છે. બહુ સહેલું છે. પણ આ માટે ૧૦ ટકા નહિ હજુ બીજી ૯૦ ટકા નિષ્ઠા જોઈએ. ટેકનોલોજીનો ઉપયોગ જ કરવાનો છે. નથી ઝાઝું ખર્ચ કે નથી ઝાઝી મહેનત. બસ જરૂર છે ઝાઝી નિષ્ઠાની કે અમારે ડિજીટલ પાઠ્યપુસ્તક બાળકોને આપવું છે.

**અશોકી**: માનવ સંસાધન મંત્રાલય દ્વારા પર્ફોમન્સ ગ્રેડ ઇન્ડેક્ષ (લર્નિંગ ક્વોલીટી, એક્સેસ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ ફેકલ્ટી, ઇક્વિટી,ગવર્નન્સ) માટે કરેલ સર્વેમાં સમગ્ર દેશમાં ગુજરાતને બીજો ક્રમાંક પ્રાપ્ત કરવા બદલ કોટી કોટી સલામ. આ પ્રયત્નો ચાલુ રહે. તુમ આગે બઢો, હમ સાથ હૈં.